# વાલ્મિકી રામાયણમાં વ્યાપાર રોજગાર

ડો. મીતા વ્યાસ, શામળદાસ આર્ટસ કોલેજ,ભાવનગર

વાલ્મિકી રામાયણ ભારતીય સાહિત્યમાં અ ાદિ મહાકાવ્યના રૂપમાં પ્રખ્યાત છે. જે નૈતિક અ ાદર્શના વિશાલ નિધિરૂપ છે. અ નેક સદીઅ ોથી અ ા મહાકાવ્ય અ ે ભારતીય સમાજના જીવનને પ્રભાવિત તેમજ અ ાદર્શ ઉન્મુખ બનાવ્યું છે. પ્રાયઃ વિદ્વાનોએ રામાયણના ધાર્મિક તેમજ નૈતિકરૂપને જ ભારતીય જનજીવનમાં પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ સુક્ષ્મ દ્રષ્ટિએ રામાયણનું અધ્યયન કરતાં જણાય છે કે, પ્રાચીન આર્યોના સામાજીક, આર્થિક, રાજનૈતિક ક્ષેત્ર ામાં વ્યાપાર – રોજગારને આધાર બનાવીને સાધવામાં આવી છે. સંસારના મહાન રાષ્ટ્રોમાં મહત્વપૂર્ણ પરિવર્તન અને સુધારણા થયા છે. તે કોઇનાથી અ જાણ નથી. શ્રમજીવી વર્ગની તરફનો સામાજીક, રાજનૈતિક અત્યાચાર, ઉપેક્ષા અને અમાનવીય વ્યવહારના પરિણામરૂપ જે રકતપૂર્ણ ક્રાંતિઓ થઇ છે અને હાલમાં પણ થાય છે તેનાથી વિ શ્વ પરિચિત છે. આ સમગ્ર પરિસ્થિતિથી રામાયણકાલીન સમાજ કેવી રીતે મુકત રહી શકયો તેની રૂપરેખા દર્શાવીએ જ આ શોધપત્ર ામાં પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ છે.

સામાજિક જીવનમાં વ્યાપાર – રોજગારની વિવિધતાને કારણે શ્રમજીવીઓનો અ ેક મોટો વર્ગ પ્રાચીન કાળમાં પણ જોવા મળે છે. ભારત અ ેક કૃષિપ્રધાન દેશ છે. રામાયણમાં વર્ણાવેલ કૃષિજીવનની વિશેષ સ્થિતિની ઝાંખી થાય છે. રામાયણ સમાજમાં ખેતી ઉતમ વ્યવસાય મનાતો, ખેતી પર શ્રમ કરનાર શ્રમિક પ્રતિષ્ઠાપાત્ર ા ગણાતો. વાલ્મિકી રામાયણ પૂર્વે ઋગ્વેદ ખેતીને ઉચ્ચ સ્થાન હતુ. अक्षसूक्त માં ઋષિ જુગારીને કહે છે તું રમવાનુ છોડી દે. ખેતીના કાર્યમાં ધ્યાન આપ જેનાથી તું સમૃદ્ધ બનીશ.(ऋ.वे.१०-३४-१३) વેદકાળ પછી ધીમે – ધીમે ખેતી પ્રત્યેનો આદર ઓછો થતો ગયો. જેમકે સૂત્ર ાયુગમાં કૃષિને યોગ્ય સન્માન આપવામાં આવ્યું નથી.

वेदः कृषिविनाशाय कृषिर्वेदविना ।

शक्तिमानुभयं कुर्यात अशक्तस्तु कृषि त्यजेत ।।

"बौधायन धर्मसूत्र १-५-३२"

વેદ ભણશો તો કૃષિ નાશ થશે અને કૃષિ કરશો તો વેદ અધ્યયનને હાનિ પહોંચશે. શકિત હોય તો બંને કરો અન્યથા કૃષિ છોડીને વેદ ભણવો જોઇએ.

વાલ્મિકી રામાયણના સમાજમાં કૃષિનું વિશેષ મહત્વ જોવા મળે છે. બ્રાહ્મણ, ક્ષત્રિ ાય પણ કૃષિ કર્મનું ગૌરવ સમજતાં. અયોધ્યાકાંડના બત્ર ીસમાં સર્ગમાં ત્રિ ાજટ નામનો બ્રાહ્મણ ખેતરમાં કોદાળી, હળ લઇને જાય છે. તેનું વર્ણન છે. રાજા જનક હળ ચલાવતાં દર્શાવ્યા છે. ચિત્ર ાકૂટ પર ભરત – મિલાપ પ્રસંગે રામ કુશલ – મંગલ પૂછતા કહે છે કે, कच्चिते दयिताः सर्वे कृषिगोरक्षजीविनः । (अयो.१००-४७) આના પરથી સ્પષ્ટ થાય છે કે કૃષિજીવી શ્રમિકોનું સન્માનજનક સ્થાન રામાયણમાં હતું. કૃષિકર્મની ઉપરાંત રામાયણમાં –

चर्मकृत – ચમાર

कर्मान्तिक – મજૂર, દાસ – દાસી

खनक – જમીન ખોદકામ કરનાર

कुम्भकार – કુંભાર

काकलिक – લાકડા કાપવાવાળા

मार्गशोधक – સડક બનાવવાવાળા

परिचारक – દારનોકર

रजक – ધોબી

सूत्रकर्मविशारद – વણકર

सूद – રસોઇઓ

श्मश्रवर्धक – વાળંદ